# ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૪,૬૮૧ નવનિયુક્ત યુવાનોને નિમણૂક પત્ર

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સામાન્યમાં સામાન્ય નાગરિક-પ્રજાવર્ગોને પોતીકી સરકારની અનુભૂતિ કરાવવાની સંવેદનાસભર કાર્યસંસ્કૃતિના પાયામાં રાજ્ય સરકારના કર્મયોગીઓની ભૂમિકા મહત્વપૂર્ણ છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે પ્રજાને પ્રશાસન તંત્ર પોતાનું લાગે, તેમને જે કલ્યાણ રાજ્યની સંકલ્પના-સપના સંજોયા હોય તે પરિપૂર્ણ થાય તેવો સેવાદાયિત્વભાવ જ સરકારના કર્મયોગીઓ-અધિકારીઓ-પદાધિકારીઓ પાસે અપેક્ષિત છે.

મુખ્યમંત્રી ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા ૪,૬૮૧ બિન સચિવાલય સંવર્ગ અને સચિવાલય સંવર્ગના ઓફિસ આસિસ્ટન્ટ્સને મહાત્મા મંદિરમાં નિમણૂંક પત્રો એનાયત કરવાના સમારોહના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરી રહ્યા હતાં.




વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સેવામાં જોડાઈ રહેલી આ નવયુવાશકિત પોતાની ઉચ્ચ દક્ષતા-સજ્જતાથી પ્રધાનમંત્રીની નયા ભારતના નિર્માણની પ્રતિબદ્ધતા સાકાર કરશે જ તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે આ નવ નિયુક્ત કર્મયોગીઓ પબ્લિક ડિલિંગથી માંડીને પોતાના સિનિયર્સ પાસેથી કાર્યપદ્ધતિનું માર્ગદર્શન ભાથું મેળવી સ્વવ્યક્તિત્વ ડેવલપ કરવા સાથે પ્રજાહિત-પ્રજાકલ્યાણના કાર્યો માટે પ્રતિબદ્ધ રહે તે સમયની માંગ છે. તેમણે કહ્યું કે ભૂતકાળની કટકી-બટકી અને વચેટિયા-દલાલોની દરમિયાનગીરીથી થતી ભરતીઓ પર સદંતર રોક લગાવી આપણે પારદર્શી અને મેરિટના આધારે ભરતી પ્રક્રિયા શરૂ કરીને ૬૭હજાર નવયુવાશક્તિને સરકારી સેવામાં જોડાવાના અવસર વ્યવસ્થિત મેનપાવર પ્લાનીંગથી આપ્યા છે.

મુખ્ય સચિવ જે.એન.સિંઘે સિવિલ સર્વિસ દિવસે નિમણૂક મેળવતા ઉમેદવારોને આવકારતાં કહ્યું કે, આજના દિવસે આપ સૌ સરકારી સેવામાં જોડાઈ રહ્યા છો તે આપ સૌ માટે ગૌરવનો દિવસ છે. તમને લોકોને જે સેવા કરવાની તક મળી છે તે નિષ્ઠા પૂર્વક બજાવી ટીમ ગુજરાતને વધુ સબળ બનાવશો. રાજ્ય સરકારે માત્ર એક વર્ષમાં ૬૭ હજારની ભરતી કરવાનો પ્રયાસ કર્યો છે તે એપ્રિલ સુધીમાં પર્ણ કરી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના માર્ગદર્શન હેઠળ વાર્ષિક ભરતી કેલેન્ડર મુજબ ભરતી કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે જેના ભાગરૂપે આપને નોકરી મળી છે ત્યારે આપ પણ વધુ ઉજ્જવળતાથી ફરજો અદા કરશો તેવો અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ આસિત વોરા, ગૌણ સેવા પસંદગી મંડળના સભ્ય રાજુ ઐયર, વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ, સામાન્ય વહીવટ વિભાગના સચિવ ધનંજય દ્વિવેદી સહિત વિવિધ વિભાગના નિમણૂક પામેલા ઉમેદવારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## આ પણ વાંચીએ...

### ● અહીં પ્રસાદમાં મળે છે બર્ગર-બ્રાઉની



આપણે ત્યાં વવિધ મંદિરોમાં આસ્થા ધરાવતા ઘણા લોકો મળી જાય છે. જાણીતા મંદિરોના પ્રસાદને લોકો ખૂબ જ આસ્થાથી ગ્રહણ કરે છે. પ્રસાદમાં મોટા ભાગે લાડુ,પેંડા કે કોઈ ગળી વસ્તુ મળે છે. જો કે ચેન્નાઈમાં આવેલા એક અનોખા મંદિરનો પ્રસાદ પણ અનોખો છે. ચેન્નાઈના પડપ્પઈમાં જય દુર્ગા પીઠમ મંદિરમાં પ્રસાદ સ્વરૂપે લોકોને બ્રાઉની, બર્ગર, સેન્ડવીચ અને ચેરી-ટમાટરનું સલાડ અપાય છે.

### ● અહીં આર્શીવાદ જ નહી પરંતુ લોન પણ આપે છે ભગવાન

મંદિરમાં લોકો મોટા ભાગે ભગવાનના આર્શીવાદ લેવા આવે છે.



પરંતુ દેવભૂમિ હીમાચલ પ્રદેશમાં આવલા મંદિરોમાં લોન પણ મળે છે. શિમલા, સિરમોર, કિન્નોર અનલાહેલ-સ્પીતિમાં છે. અહીં જરૂરિયાતમંદોને ખૂબ જ આસાનીથી લોન મળી જાય છે. લોન સ્વરૂપે પૈસા પણ મળે છે અને અનાજ પણ.

### ● પરીક્ષા આપવા ગયેલી દુલ્હન હેલીકોપ્ટરમાં પરત ફરી

દહેરાદૂનના એક યુગલના લગ્ન મિસાલ બની ગયા. અહીંની એક યુવતીએ લગ્નના સાત ફેરા લીધા અને અન્ય રીતરીવાજો પૂર્ણ થાય તે પહેલા પરીક્ષા આપવા નૈનીતાલ પહોંચી ગઈ. પરીક્ષા આપવા તે ૪૦૦ કિમી દૂર હેલીકોપ્ટરમાં પહોંચી અને પરીક્ષા આપી પુનઃ હેલીકોપ્ટર મારફત લગ્ન મંડપમાં પહોંચી હતી અને અન્ય રીતરસમો અદા કરી હતી.



# ડોલ્બી એટોમ ઈનસ્ટોલ કરનાર 'સિને લોન્જ' ગાંધીનગરનું પ્રથમ સિનેમા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના પ્રખ્યાત સિનેમા થિયેટર સિને લોન્જે આ સપ્તાહમાં ડોલ્બી એટોમથી અપગ્રેડ કરાયેલી પ્રથમ સ્ક્રીન શરૂ કરવાની જાહેરાત કરી છે. ગાંધીનગરમાં ડોલ્બી એટોમથી સજ્જ આ પ્રથમ સ્ક્રીન છે, જે ફિલ્મ રસિકોને સૌથી વાસ્તવિક સિનેમેટિક એન્ટરટેઈનમેન્ટ એક્સપિરિયન્સ ઓફર કરશે.



ઉલ્લેખનીય છે કે ડોલ્બી એટોમ કે જે એવોર્ડ વિનિંગ ડોલ્બી સાઉન્ડ ટેકનોલોજી છે તે ફિલ્મ નિર્માતાઓને થિયેટરમાં સરળતાથી ઓડિટો મૂવ કરવાની અને ઘણીવાર ઓવરહેડ સાઉન્ડ મૂવ કરવાની સર્જનાત્મક ક્ષમતા પૂરી પાડીને સ્ટોરી ટેલીંગમાં સાઉન્ડની અપાર સંભાવનાઓ ખોલે છે.

થિયેટર ખુલ્લું મુકવા અંગે પ્રતિક્રિયા આપતા સિને લોન્જના ડિરેક્ટર વિક્રમસિંહ ડાભીએ જણાવ્યું હતું કે, 'અમે નવીન પહેલ સાથે સિનેમા ટેકનોલોજીમાં શ્રેષ્ઠ ઓફર કરવામાં માનીએ છીએ. ડોલ્બી એટોમની ગોઠવણ અમારા દર્શકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત એન્ટરટેઈનમેન્ટ એક્સપિરિયન્સ પૂરો પાડવાની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. ડોલ્બી એટોમ સાથે સિને લોન્જમાં દર્શકો અસાધારણ મૂવીંગ ઓડિયોની સાથે સ્ટોરીનો એક હિસ્સો બન્યાનો અહેસાસ કરશે. અમને વિશ્વાસ છે કે ડોલ્બી એટોમ અન્યથી વિશિષ્ટ ઓળખ હાંસલ કરશે તથા દર્શકોને સૌથી વાસ્તવિક સિનેમેટિક એન્ટરટેઈનમેન્ટ અનુભવ પ્રાપ્ત કરવા માટે પણ આકર્ષશે.

મહત્વપૂર્ણ છે કે સિનેમામાં ડોલ્બી એટોમ નેક્સ્ટ જનરેશન સાઉન્ટ તરીકેનો પસંદગીનો વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે અને વિશ્વભરના મોટા સ્ટુડિયો, એવોર્ડ વિનિંગ ફિલ્મેકર્સ અને એક્ઝિબિટર્સ તેને આવકારી રહ્યાં છે. લોન્ચ અંગે પ્રતિક્રિયા આપતા ડોલ્બી લેબોરેટરીઝ ખાતે એસઈએ, એએનઝેડ, એમઈએ, ભારત ખાતેના સિનિયર માર્કેટિંગ ડિરેક્ટર આશિમ માથુરે જણાવ્યું હતું કે, 'ગાંધીનગરમાં ફિલ્મ રસિયાઓ માટે ડોલ્બી એટોમ લાવવા અંગે સિને લોન્જ સાથે મળીને કામ કરવા ઉત્સુક છીએ. ડોલ્બી એટોમ સાથે દર્શકો મૂવીને જોવાની સાથે તેનો અનુભવ પણ કરશે અને અમને વિશ્વાસ છે કે ફિલ્મ રસિયાઓ માત્ર અસાધારણ અનુભવ મેળવવાનું જ પસંદ કરશે, જે ડોબ્લી એટોમ પુરૂ પાડી રહ્યું છે.

# ભાજપ કારોબારીમાં ૧૫૦ બેઠકો માટે વિજય સંકલ્પ કરાયો

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતને વિકાસ અને ગૌરવના શિખરે પહોંચાડવા માટે ભાજપનો બુથથી માંડીને પ્રદેશ સુધીના તમામ કાર્યકર્તાઓ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને સોમનાથ દાદાના સાનિધ્યમાં ગુજરાતમાં ૧૫૦ સીટ જીતવાનો વિજય સંકલ્પ કરવા અને વિકાસનો ડંકો સમગ્ર વિશ્વમાં વગાડવા કટિબદ્ધ બનીએ તેવો અનુરોધ કરતો રાજકીય પ્રસ્તાવ આજે પ્રદેશ ભાજપ કારોબારીમાં પસાર કરવામાં આવ્યો હતો.

સોમનાથ ખાતે આજથી શરૂ થયેલી પ્રદેશ ભાજપ કારોબારી બેઠકમાં રાજ્યના ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ રાજકીય પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેને રાજ્યના વનમંત્રીએ ટેકો આપ્યો હતો.

પ્રદિપસિંહે રજુ કરેલા રાજકીય પ્રસ્તાવમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકારના ૩ વર્ષના શાસનમાં લોકહિત અને દેશહિતના નિર્ણયોથી દેશની જનતામાં વિકાસ પ્રત્યેનો વિશ્વાસ અને પ્રગતિની પ્રતિતિ થઈ છે. દેશના વિકાસ અને ગૌરવ માટે નરેન્દ્ર મોદીનું પ્રામાણિક પરિશ્રમી અને પરિણામલક્ષી નેતૃત્વને દેશની જનતાએ સન્માન વિશ્વાસ અને શ્રદ્ધા સાથે સ્વીકાર્યુ છે. નેશન ફસ્ટ મીશન પ્રો. પુવર વીઝન ગુડ પરફોમન્સ એક્શનથી દેશની જનતામાં એક આશા અને વિશ્વાસ જગાવ્યા છે. તેનું ગુજરાત ભાજપની આ કારોબારી ગૌરવ અનુભવે છે તેવું જણાવ્યું હતું.

જે રીતે ઉત્તરપ્રદેશની જનતાએ ૨૦૧૪ની લોકસભામાં ૮૦માંથી ૭૩ લોકસભા સીટ ભાજપને અપાવી હતી અને પછી ૨૦૧૭વિધાનસભામાં ૩૨૫ બેઠકો આપીને ઐતિહાસિક વિજય હાંસલ કર્યો હતો. તે રીતે ૨૦૧૪ લોકસભામાં ગુજરાતમાં ૨૬માંથી ૨૬ બેઠકો જીતી હતી અને હવે ૨૦૧૭ આગામી વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતની જનતા ૧૫૦ કરતા વધુ બેઠકો ભાજપાને જીતાડશે તેવો સંપૂર્ણ વિશ્વાસ આ કારોબારીમાં વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# શ્રી બોધિબીજ ફાઉન્ડેશન દ્વારા વિશ્વભરમાં ૫૦૦ કરોડ નવકાર જાપના અનુષ્ઠાનનું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા. ૨૧

શ્રી બોધિબીજ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત વિશ્વભરમાં ૫૦૦ કરોડ નવકાર જાપના ભવ્ય આયોજનની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ આયોજન વિશે જાણકારી આપતા સંસ્થાના મંત્રસાધક નિકુંજભાઈ ગુરૂજીએ જણાવ્યુ છે કે ૧૪ વર્ષ પછી શાશ્વતા ગિરીરાજની ૫૦૦મી વર્ષગાંઠ આવી રહી છે. તેના ઉજવણીના ભાગરૂપે આ નવકાર જાપનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વિશેષરૂપે જૈન ધર્મમાં શાસ્વતો ગિરીરાજ અને નવકાર છે. આ બન્નેની આરાધના જન્મ-મરણના ચક્કરને તોડનારી છે. માનવજીવનમાં આવતી આધિ-ઉપાધિને હણનારી અને ચિંતાને દૂર કરનારી આ વિશેષ આરાધના છે. ખાસ કરીને માનવ જીવનમાં શાંતિ રહે, સૌ પરિવારોમાં પ્રેમભાવના વધે અને સૌ આર્થિક રીતે સુખી-સંપન્ન બને એ ભાવનાથી ભારતના તમામ ગામડાઓ અને શહેરો તેમજ વિદશોમાં જ્યાં જૈનો રહેતા હોય ત્યાં આ નવકાર જાપનું ભવ્ય અનુષ્ઠાન સંપન્ન થશે.

નિકુંજભાઈ ગુરૂજીએ વિશેષમાં ભારતના તમામ સંઘોને આ અનુષ્ઠાન મિશનમાં જોડાવવા અપીલ કરી છે અને જણાવ્યું છે કે આપ સૌ આપના સંઘમાં આ નવકાર જાપનું આયોજન કરી હજારો લોકોને એક નવી દિશા આપી શકો છો. આ અનુષ્ઠાન જાપ સાથે સાત ચક્રનું ધ્યાન કરવામાં આવશે અને સાથે સાથે બધાને રેકીના માધ્યમથી હિલીંગ કરવામાં આવશે. સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં દેશ-વિદેશમાં ૯ કરોડ નવકાર જાપ થઈ ચૂક્યા છે.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં પ્રાંતિજના લોકોએ લાભ લીધો હતો. પ્રાંતિજ નાની ભાગોળ જુની મામલતદાર કચેરી ખાતે સરકાર દ્વારા આયોજીત સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં લાભાર્થીઓને લાભ મળે તે હેતુથી સ્થળ ઉપર આખી કચેરી ઉભી કરવામાં આવી હતી. જેમાં રેશનકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, મા અમૃત યોજના, વાત્સલ્યકાર્ડ સહિતની યોજનાઓનો સ્થળ ઉપર તાત્કાલિક લાભાર્થીઓને નોંધણી કરી કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યાં હતા. જેમાં લાભાર્થીઓએ સરકારીની વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીઓએ લીધો હતો જ્યારે પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરી, નાયબ મામલતદાર ડી.એલ. રાઠોડ સહિત વગેરે અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને લોકોને સરકારની યોજનાઓ અને લાભ વિશે માહીતિ આપી તેમના પ્રશ્નોનો સ્થળ ઉપર જ નિકાલ કાર્યો હતો.

# ઊંઝામાં ભેળસેળ મામલે બે હજાર કિલો જીરૂ પકડાયું

ઊંઝા, તા. ૨૧

ઊંઝા તાલુકાના ટૂંડાવ ગામની સીમમાં આવેલ માયા કેટલફીડ નામની એક ફેક્ટરી પર મધરાતના સમયે ખોરાક અને ઔષધ નિયમનતંત્રના અધિકારીઓએ અચાનક દરોડો પાડી ફેક્ટરીમાંથી બે હજાર કિલોના પેકિંગમાં રહેલ જીરાનો કથિત ભેળસેળયુક્ત જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાણવા મળ્યા મુજબ ઊંઝા તાલુકાના ટૂંડાવ ગામની સીમમાં માયા કેટલફીડ નામની ફેક્ટરી આવેલ છે. જેમાં ગત મધરાતના સમયે મહેસાણા ખોરાક અને ઔષધનિયમનતંત્રના અધિકારીઓએ અચાનક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આ ફેક્ટરીમાં પડેલ ડૉન બ્રાન્ડના પેકિંગમાં રહેલ જીરાનો જથ્થો ભેળસેળયુક્ત હોવાનુ માલૂમ પડતાં અંદાજે ચાર લાખ કિલોનો જીરાનો જથ્થો કબજે કરી તપાસઅર્થે લેબોરેટરીમાં મોકલી આપેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઊંઝા શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં કેટલાક સ્થળોએ છેલ્લા ઘણા વખતથી મસાલાની ચીજો જીરૂ, વરિયાળીમાં અખાદ્ય પદાર્થોની મિલાવટ કરીને કેટલાક ભેળસેળીયા તત્વો બિન્દાસ્ત રીતે ગોરખધંધો ચલાવી રહ્યા છે. લોકોના આરોગ્ય સાથે ચેડાં કરીને નફો રળી રહ્યા છે. તેમ છતાં કથિત હપ્તાખોરીના કારણે મસાલા સહિતની ચીજોમાં ભેળસેળની બદી વધી ગઈ હોવાનુ ચર્ચાય છે.

## દેશભરમાં આક્રોશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે સાથે ૩૦મી એપ્રિલ બાદ ઉત્તરપ્રદેશમાં કાશ્મીરીઓની સામે હલ્લા બોલ માટે કહેવામાં આવ્યું છે. સંગઠનની આ હરકત બાદ ગુપ્તચર વિભાગ તથા શૈક્ષણિક સંસ્થાઓ એલર્ટ થઈ ગઈ છે. કાશ્મીરીઓને ભાડા ઉપર મકાન આપવાને લઈને પણ ચેતવણી આપવામાં આવી છે. ઉત્તરપ્રદેશ નવનિર્માણ સેના તરફથી કહેવામાં આવ્યું છે કે અભ્યાસ કરવા માટે આવેલા યુવાનોમાં જે લોકો પણ રહેશે તેમના પરિવારના લોકો કાશ્મીરમાં સેનાનો વિરોધ કરી રહ્યા છે. જ્યારે અહીં રહેતા પરિવારના લોકોને હેરાનગતિ થશે ત્યારે જ કાશ્મીરમાં પથ્થરબાજી કરનાર યુવાનોને બોધપાઠ મળશે. વર્ષ ૨૦૧૪માં પણ મેરઠમાં કાશ્મીરી વિદ્યાર્થીઓને લઈને હોબાળો થયો હતો. ચોથી માર્ચ ૨૦૧૪ના દિવસે ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી ક્રિકેટ મેચ દરમ્યાન કાશ્મીરી વિદ્યાર્થીઓ પર પાકિસ્તાન જિંદાબાદના નારા લગાવવાના આક્ષેપો થયા હતા. બીજી બાજુ રાજસ્થાનના ચિત્તોડગઢમાં મેવાડ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને સ્થાનિક લોકો વચ્ચે સંઘર્ષ થયો હતો. કાશ્મીરમાં સુરક્ષા દળો પર પથ્થરબાજી અને બડગામમાં સીઆરપીએફ જવાનોની સાથે ખરાબ વર્તનના મુદ્દે વીડિયો વાયરલ થયા બાદ આને લઈને પણ મારામારી થઈ હતી.

## ફરજિયાત કેમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આને રોકવા માટે આધારકાર્ડને ફરજિયાત કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હતો. ગયા મહિનામાં જ કેન્દ્ર સરકારે આઈટી રિટર્ન ફાઈલ કરવા માટે, પેનકાર્ડ માટે અરજી કરવા માટે અને તેમાં સુધારા કરવા માટે આધારકાર્ડને ફરજિયાત કરવા માટેનો આદેશ જારી કર્યો હતો. નાણામંત્રીએ આ અંગેના નિર્ણયની માહિતી આપતા કહ્યું હતું કે સરકારનો હેતુ પાનકાર્ડની સાથે આધારકાર્ડને જોડવાનો છે. જેથી બનાવટી પેનકાર્ડના ઉપયોગને અટકાવી શકાય. આ અગાઉ ૧૧મી ઓગસ્ટ ૨૦૧૫ના પોતાના આદેશમાં સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે સરકારી સ્કીમો માટે આધારકાર્ડને ફરજિયાત કરી શકાય નહીં. કોર્ટે પોતાના ચુકાદામાં એમ પણ કહ્યું હતું કે કેન્દ્ર સરકારને પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા મારફતે લોકોને દર્શાવવું જોઈએ કે નાગરિકો માટે આધારકાર્ડ બનાવવાની બાબત ફરજિયાત નથી. નાગરિકોને મળનાર કોઈપણ સુવિધા માટે આધારકાર્ડને ફરજિયાત કરી શકાય નહીં. સુપ્રિમ કોર્ટે આજે કહ્યું હતું કે તે ૨૫મી એપ્રિલના દિવસે પરમાનેન્ટ એકાઉન્ટ નંબર (પેન) મેળવવા માટે આધારને ફરજિયાત કરવા સરકારની હિલચાલને પડકાર ફેંકતી અરજી પર સુનાવણી હાથ ધરશે. સુપ્રિમ કોર્ટે સરકારને આધારકાર્ડને ફરજિયાત કરવાની જરૂરીયાતના સંદર્ભમાં માહિતી આપતા પણ કહ્યું છે કે જ્યારે આધારને વૈકલ્પિક રાખવાની વાત કરાઈ છે ત્યારે આને ફરજિયાત કેમ કરી શકાય છે.

## ત્રાસવાદી છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમની પાસે તેના પર વિશ્વાસ કરવા માટે કારણો છે કે જમાત ઉદ દાવા અને તેમના લોકો ત્રાસવાદી ગતિવિધીમાં સામેલ રહેલા છે. આ પત્રને પાકિસ્તાન સરકારની કબુલાત તરીકે પણ જોવામાં આવે છે. પાકિસ્તાન સરકાર છેલ્લા કેટલાક સમયછી હાફિઝના મામલે ભારતની કોઈ દલીલ સ્વીકાર કરવાનો ઈન્કાર કર્યો છે. ભારત સરકાર દ્વાપા કેટલીક વખત હાફિઝના સંબંધમાં રજૂઆત કરવામાં આવી છે. સરકારે પાકિસ્તાનમાં થયેલા બ્લાસ્ટ બાદ સઈદ સામે સકંજો મજબુત કરવામાં આવી રહ્યો છે. હાફિઝ સઈદપર ભારતમાં અનેક હુમલાનો હાથ હોવાનો આક્ષેપ થતો રહ્યો છે. હાફિઝ મામલે પાકિસ્તાનની કબુલાત તેને એક ફટકા સમાન હોઈ શકે છે. કારણ કે ભારત હવે વૈશ્વિક મંચ પર પાકિસ્તાનના કેન્દ્રિય ગૃહ મંત્રાલયના નિવેદનને પણ રજૂ કરી શકે છે. હાફિઝ મામલે પાકિસ્તાનનુ વલણ હમેંશા બેવડુ રહ્યુ છે. જો કે તે હવે ખુલ્લુ પડ્યુ છે.

## વકીલો દ્વારા દેખાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આજે પણ વકીલો કોર્ટ કાર્યવાહીથી દુર રહયા હતા. જયારે કોર્ટ સંકુલ બહાર એકત્રિત થયેલા વકીલોએ બીલ પાછુ ખેંચવાના મામલે સુત્રોચ્ચાર કરીને આક્રોશ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ જિલ્લા કેલકટરને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતુ. આ દરમિયાન બાર એસોસિએશનના પ્રમુખ રણઘીરસિંહ વાઘેલા , સિનિયર વકીલ શંકરસિંહ એસ ગોહિલ, અશ્વિન ત્રિવેદી સહીતના વકીલોએ બિલ પાછુ ખેંચવાની માંગ સાથે કલેકટરને રજુઆત કરી હતી.

## બફારો વધ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમિયાન નગરજનોએ ઉકળાટની અસર અનુભવી હતી. ગરમીની ઋતુમાં મહત્તમ તાપમાનમાં સતત વધઘટ જોવા મળી રહી છે. જયારે પવનની ગતિ તેમજ ભેજનુ પ્રમાણમાં પણ સતત બદલાવ જોવા મળી રહયો છે. જેના લીધે ગરમીની ઋતુ પણ વિશેષ પ્રભાવિત થઈ છે. નગરજનો ગરમીના વિચિત્ર મિજાજથી અકળામણની સાથે બેચેની અનુભવી રહયા છે.



### પ્રાંતિજ ખાતે જાયન્ટ્સ ગૃપ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો ૨૮૫ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો. પ્રાંતિજ નાનીભાગોળ રાવળ વાસ ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું જાયન્ટ્સ ગૃપ દ્વારા આયોજન કરવામાં આવ્યુંહતું જેમાં સહયોગ જિલ્લા આયુર્વેદિક અધિકારી, સાબરકાંઠા જિલ્લા પંચાયત તથા નગરપાલિકા કોર્પોરેટર દિલીપભાઈ રાવળના સહયોગ દ્વારા ૨૮૫ જેટલાં દર્દીઓએ વિનાંમુલ્યે લાભ લીધો હતો અને તેમણે દવાઓનું પણ વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યુંહતુંઆ પ્રસંગે જાયન્ટ્સ પ્રમુખ મિતેશભાઈ પટેલ મહંત સુનીલદાસજી, નગરપાલિકા કોર્પોરેટર દિલીપભાઈ રાવળ, નયનભાઈ દેસાઈ, વજેશભાઈ ભાવસાર, પ્રકાશભાઈ મહારાજ, હિરેન્દ્ર શાહ તથા વિવિધ ડૉકટરોની ટીમ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી.

# કલોલના તબીબને એવોર્ડ એનાયત થયો

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે વર્લ્ડ ટીબી ડે નિમિત્તે ટીબીના નિદાન અને સારવારની ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર તબીબોને સન્માનીત કરાયા હતા. જેમાં કલોલની રાજેશ હોસ્પિટલમાં સેવા આપતા હિંમતનગરના રહીશ ડૉ. રોનક મોદી(એમડી મેડીસીન)ને ટીબીના નિદાન અને સારવારની શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. ડૉ. રોકન મોદીએ કલોલ તથા આજુબાજુના ગામના ૧૦૦થી વધુ દર્દીઓને ટીબી ડે અંતર્ગત સમજ અને સારવાર આપી પ્રશંસનીય કામગીરી કરી હતી. જેની પથંકમાં સરાહનીય નોંધ લેવાઈ હતી. અને તે માટે તેઓ એવોર્ડના અધિકારી બન્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ, હોદ્દેદારો, તબીબી આલમ તથા અનેક મહાનુભાવો હાજર રહી તબીબની આ કામગીરીને આવકારી પ્રશંતા કરી હતી. ડૉ. રોનક મોદીને મળેલા એવોર્ડ માટે સમગ્ર મોદી સમાજે અભિનંદન પાઠવી સમાજનું ગૌરવ વધારવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.



**પરિશિષ્ટ-૧**

**જાહેર નિવિદા**

ઈન્દિરા આવાસ યોજનાના વર્ષ ૨૦૧૫-૧૬ના સ્ટેચ્યુટરી ઓડિટની કામગીરી માટે ગ્રામ વિકાસ વિભાગ હસ્તકની ગાંધીનગર ખાતેની કમિશનર ગ્રામ વિકાસની કચેરીમાં ઈન્દિરા આવાસ યોજનાના વર્ષ ૨૦૧૫-૧૬ના સ્ટેચ્યુટરી ઓડિટની કામગીરી માટે એજી ઓફિસ દ્વારા માન્ય સીએ ફર્મ પાસેથી તા. ૫/૫/૨૦૧૭ સુધીમાં બંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી ભાવપત્રક અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે. બંધ કવર ઉપર 'ઈન્દિરા આવાસ યોજના વર્ષ ૨૦૧૫-૧૬ના સ્ટેચ્યુટરી ઓડિટની કામગીરી માટેનું ભાવપત્રક' એમ સ્પષ્ટ લખવાનું રહેશે.

સ્થળ : ગાંધીનગર — કમિશનર ગ્રામ વિકાસની કચેરી,
તારીખ : ૨૧/૪/૨૦૧૭ — બ્લોક નં. ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
માહિતી/૧૮૪/૧૭-૧૮ — ગાંધીનગર